UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060

Team Achievers

Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

YEAR-71

# ઉદગામ

JAN.26





RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## હસ્તકલા મેળો

પ્રોજેક્ટ : હસ્તકલા મેળો
પ્રોજેક્ટ ચેર : મેઘાવિની રાવલ
પ્રોજેક્ટ કો. ચેર : અનિતા પટેલ

તારીખ : ૨,૩,૪ જાન્યુઆરી ૨૦૨૬
સ્થળ : કલાકર્મ પીઠ કલાસીસ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી ‘‘હસ્તકલા મેળા’’નુ ત્રણ દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું.

ફર્સ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી તથા રોટેરેયન મિત્રો દ્વારા દિપ પ્રાગટયથી આ ‘‘હસ્તકલા મેળા’’ની શરૂઆત કરવામાં આવી હતી.

આ મેળામાં વિવિધ પ્રકારની હસ્તકલા સામગ્રી જેમકે હાથથી બનેલા શોભા વસ્તુઓ, ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓ તેમજ પરંપરાગત ડિઝાઇન વાળા ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. દરેક સ્ટોર પર કારીગરોની મહેનત અને કલાત્મક કુશળતા સ્પષ્ટ રીતે નજરે પડતી હતી. આ હસ્તકલા મેળામાં ખાણી-પીણીના ઘણા સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. જયા મુલાકાતીઓ માટે વિવિધ સ્વાદિષ્ટ નાસ્તા અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઘણા મુલાકાતીઓએ અભિપ્રાય આપ્યો હતો કે આવો મેળો ફરી એકવાર યોજવામાં આવે તો અમને જરૂરથી જાણ કરશો. ખાસ કરીને બહેનોને આત્મ નિર્ભર બનાવ માટે આ મેળો અત્યંત ઉપયોગી અને પ્રેરણા દાયક સાબિત થયો હતો.

આ ત્રણ દિવસ દરમિયાન યોજાયેલ‘‘હસ્તકલા મેળા’’ને ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. ખાસ કરીને છેલ્લે દિવસે રવિવારે મોટી સંખ્યામાં લોકો હાજર રહયા હતા. જેના કારણે ‘‘હસ્તકલા મેળા’’ ને અત્યંત સારો લાભ પ્રાપ્ત થયો હતો.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

# Meeting - 19

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. અનિતા ગુર્જર
ફોર વે ટેસ્ટ : અમિતા પટેલ
સુવિચાર : ડો. અમી વોરા

ગ્રીટિંગ્સ : જયના સોની
એટેન્ડન્સ : લીના પટેલ
તારીખ : ૭-૧-૨૦૨૬, બુધવાર

રસોઇ સ્પર્ધાનો અહેવાલ બીના ચૌધરી દ્વારા આપવામાં આવ્યો.

નગરા કન્યા શાળા ટોયલેટ બ્લોક ખાત મુહુર્તનો અહેવાલ રો. પારસ સોલંકી દ્વારા આપવામા આવ્યો.

૩૧ ડિસેમ્બ ફેલોશીપનો અહેવાલ  રો. કમલેશ રાવલ દ્વારા આપવામાં આવ્યો.

તા. ૨-૩-૪ હસ્તાકલા મેળાનો અહેવાલ મેઘાવિની રાવલ દ્વારા આપવામાં આવ્યો.

તા. ૮-૧-૨૦૨૬ ના રોજ સ્વેટર ડિસ્ટ્રીબ્યુટર કયા અને કેવી રીતે કર્યા તેની વિગતવાર માહિતી રાં. પ્રેસિડેન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

ઝીરો અવર્સમાં રો. જીતેન્દ્ર રાઠોડ દ્વારા ઉતરાયણ નિમિતે ચિકીના બોકસનું વિતરણ કરવાની સુંદર ભાવના વ્યકત કરવામાં આવી હતી તથા પાણીની પરબ બનાવવાની વાત કરી હતી.

## સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન

પ્રોજેકટ : સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન

તારીખ : ૮-૧-૨૦૨૬
સ્થળ : શાળા નં.-૧૭, હાઉસિંગ સોસાયટી
મયુરનગર, મેઘાણી બાગ રોડ

ડોનર : રો. ઉદય રાવલ, રો. પ્રેસિડેન્ટ : હિરેન શાહ, રો. ડી.વી. શાહ, રો. ભાવિક વોરા, રો. વિનોદ કુરિયા, ઉષા કાપડિયા, કવિતા મજેઠીયા, વિશાલ દવે, માધવી મહેતા

શાળાના પ્રિન્સીપાલ સંજ્ઞા આચાર્ય તથા આ આચાર્યશ્રી ઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ તથા બાળકો દ્વારા તિલક કરીને ઉમંગ પૂર્વક આવકાર આપવામાં આવ્યો. તથા દરેકને પોર્ટેટ આપીને શાળા નં. ૧૭ માં હાલ કુલ ૪૫૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. આ તમામ વિદ્યાર્થીઓને સારી કવોલીટીના સ્વેટર આપવામાં આવ્યા, આ બાળકો મોટા ભાગે આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવે છે. દરેક બાળકને તેની સાઇઝને અનુરૂપ સ્વેટર આપવામાં આવ્યા હતા.

શિક્ષણ ખાતાના અધિકારી, પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ. જે. રથવી સાહેબ, બી. આર. સી. નરેશભાઇ ભદ્રેશિયા, કેળવણી નિરીક્ષક હરેશભાઇ ગુર્જર, રો. ડી.વી. શાહ, રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ, ફર્સ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી તથા શાળાના પ્રિન્સીપાલ સંજ્ઞા આચાર્ય તથા રોટેરીયનના મિત્રો હાજર રહયા હતા.

આ પ્રોજેકટથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણીઓ જોવા મળી તથા આ માનવતા પ્રધાન પ્રયાસથી ફરી એકવાર રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર સામાજિક સેવા, બાલ કલ્યાણ અને સમુદાય વિકાસના પ્રત્યેની મજબુત પ્રતિબધ્ધતા પ્રગટ થાય છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555














ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



# પતંગ ઉત્સવ

પ્રોજેક્ટ : પતંગ ઉત્સવ
ડોનર : રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. જીતેન્દ્ર રાઠોડ

તારીખ : ૧૨-૧-૨૦૨૬
સ્થળ : માનવ સેવા અંધ વિદ્યાલય

માનવ સેવા અંધ વિદ્યાલય ખાતે ઉતરાયણના પાવન અવસર નિમિતે વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહ ફેલાવવાના હેતુથી ૧,૦૦૦ પતંગ, ૫૦ ફીરકી બાળકોને આપવામાં આવ્યા હતા. ઉપરાંત આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને તહેવારોની ખુશી વહેંચવા માટે તલ, દાળિયા, મમરા અને શિંગના ફુડ પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ, રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ, રો. સિધ્ધેશ મહેતા, રો. સિધ્ધેશ વોરા તથા માનવ સેવા અંધ વિદ્યાલયના સભ્યો ઉપસ્થિત રહયા હતા. બાળકોના ચહેરા પર ખુશીની ઝલક સ્પસ્ટ રીતે જોવા મળી હતી. અંધ વિદ્યાલયના બાળકો આંખોથી જોઇ શકતા નથી અને સાંભળી પણ શકતા નથી, છતા તહેવારનો ઉમંગ તેમના માટે કંઇક અલગ જ હોય છે, તેઓ પોતાના ભાવો અને ખુશી ઈશારાઓ દ્વારા વ્યકત કરે છે અને એ આનંદ જોઇને આપણને પણ અતિ આનંદની અનુભુતિ થાય છે.















ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## ફુડ પેકેટ વિતરણ

પ્રોજેક્ટ : ફુડ પેકેટ વિતરણ
ડોનર : રો. જીતેન્દ્ર રાઠોડ
તારીખ : ૧૬-૧-૨૦૨૬
સ્થળ : આંગણ વાડી

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરના કેટરર્સ જગદીશભાઇ તથા હંસાબેનના સહયોગથી આંગણવાડીના ૧૫૦ બાળકોને તલ ચિકકી, દાળિયા, શિંગ અને મમરાના ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ સેવાકાર્યથી બાળકોના પોષણમાં મદદ મળી અને તેમના ચહેરા પર ખુશીની ઝલક જોવા મળી હતી.







## Meeting - 20

મીટીંગ કોલ ટુ ઓર્ડર : માયા રાવલ
ફોર વે ટેસ્ટ : Rtn. કલ્પના મહેતા
સુવિચાર : Rtn. પિનલ દેકેવાડિયા
ગ્રીટિંગ્સ : લીના પટેલ
એટેન્ડન્સ : Rtn. ક્રિષ્ના સોલંકી
તારીખ : ૨૧-૧-૨૦૨૬, બુધવાર

સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન અંતર્ગત જરૂરિયાતમંદ બાળકોને શિયાળાની ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી ગરમ સ્વેટરોનું વિતરણ કરવામાં આવ્યુ તેનો અહેવાલ રો. કમલેશ રાવલ દ્વારા વિસ્તાર સહિત આપવામાં આવેલ.

અંધવિદ્યાલય ખાતે પતંગ ઉત્સવ પ્રોજેક્ટ અંગેની વિગતવાર માહિતી રો. સિધ્ધેશ વોરા દ્વારા આપવામાં આવી.

પતંગ ઉત્સવ પ્રોજેક્ટની સાથે ફુડ પેકેટના પ્રોજેક્ટ કરેલ તેની માહિતી રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

પ્રાણગઢ પ્રાથમિક શાળા, વઢવાણ તાલુકામાં સ્માર્ટ ટીવી આપવામાં આવ્યુ તેની વિગતવાર માહિતી તથા સમજુતી રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપાવમાં આવી. આ પ્રોજેક્ટ પ્રાણગઢ





પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલને રોટરી હોલ પર આપવામાં આવ્યુ હતુ. આ પ્રોજેક્ટ મીટીંગ પહેલા કર્યો હતો.

કુપોષણ મુક્ત ભારત પ્રોજેક્ટ પણ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર(ભાગ-૧) આંગણવાડીનાં બાળકો માટે પોષણયુક્ત સરગાની ચોકલેટ તથા રમકડાં તથા જનરલ નોલેજ સ્ટીકરનું વિતરણની પણ વિગતવાર માહિતી તથા સમજુતી અને તેના ફાયદા રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવી.

આગામી અન્નપુર્ણા પ્રોજેક્ટ કયા અને કેવી રીતે કરવો તેની માહિતી રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

આગામી નિરાતઘર ખાતે પલંગ ડોનેશન માટેની માહિતી રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.


આગામી સોલાર પ્રોજેક્ટની માહિતી રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

## સ્માર્ટ ટીવી

પ્રોજેક્ટ : સ્માર્ટ ટીવી
પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા
ડોનર : રો. પિનલ દેકેવાડિયા
તારીખ : ૨૧-૧-૨૦૨૬
સ્થળ : પ્રાણગઢ પ્રાથમિક શાળા, તા. વઢવાણ.

પ્રાણગઢ પ્રાથમિક સ્કૂલ વઢવાણ તાલુકામાં સ્થિત ગવર્મેન્ટ શાળા છે. આ શાળામાં અભ્યાસ કરતા બાળકો આર્થિક તથા સામાજિક રીતે પછાત વર્ગમાંથી આવે છે તેથી તેમને આધુનિક અને સરળ શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી ખુબ જરૂરી બની રહે છે. દ્વનિ માટે માધ્યમની જરૂર હોય છે, આ એક વૈજ્ઞાનિક વાકય અને સિદ્ધાંત પણ છે, ત્યાંના બાળકોએ 'ૐ' (ઓમ) ઉચ્ચાર કરે છે અને તેના દ્વારા તરંગોની રચના થાય છે. એવો સુંદર ટેલેન્ટ વાળો પ્રયોગ તૈયાર કરેલ છે.

**SAMSUNG SMART TV** એજ્યુકેશન સ્માર્ટ ટીવી **108** ચેનલો સાથે ઉપલબ્ધ છે. આ સ્માર્ટ ટીવી માં **JI** થી લઇને **NEET**ની તૈયારી પણ થશે. તેમાં એન્ડ્રોઇડ મોબાઇલ જેવી સિસ્ટમ ઉપલબ્ધ છે. દર વર્ષે સોફ્ટવેર આપમેળે અપડેટ થાય તેવી સુવિધા છે. ઉપરાંત રિમોટમાં સ્પીકર સુવિધા હોવાથી બોલીને કમાન્ડ આપતા જ ટીવી ચાલુ થઇ જાય તેવી આધુનિક અને ઉપયોગી સુવિધા છે. આ ટીવી પ્રાણગઢના પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ


શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળા

આભારપત્ર

પ્રમુખશ્રી, રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર

જય ભારત સાથે જણાવવાનું કે, આપની સંસ્થા 'રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર' દ્વારા હંમેશા સમાજ ઉપયોગી અને શિક્ષણલક્ષી વપૃત્તિઓ કરવામાં આવે છે, જે અત્યંત સરાહનીય છે .શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને ધ્યાનમાં રાખીને, આપના દ્વારા શાળાને જે અત્યાધુનિક ટીવી( TV) ની અમૂલ્ય ભેટ આપવામાં આવી છે, તે બદલ શાળા પરિવાર અને ગ્રામજનો વતી અમે આપનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપના આ સહયોગથી શાળાના બાળકોને હવે ડિજિટલ શિક્ષણ( Digital Education) અને ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ દ્વારા જ્ઞાન મેળવવામાં ખૂબ જ સરળતા રહેશે. આધુનિક ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણને વધુ રસપ્રદ બનાવવાના અમારા પ્રયાસોમાં આપનું આ યોગદાન ખૂબ જ મહત્વનું સાબિત થશે .શિક્ષણ ક્ષેત્રે આપના દ્વારા કરવામાં આવેલ આ ઉમદા કાર્યની અમે નોંધ લઈએ છીએ અને ભવિષ્યમાં પણ આપના તરફથી શાળાને આવો જ સાથ-સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

ફરી એકવાર સમગ્ર શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ વતી 'રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર'ના તમામ હોદ્દેદારો અને સભ્યોનો ખૂબ-ખૂબ આભાર.

અધ્યક્ષ
એસ.એમ.સી. પ્રાણગઢ

આચાર્ય/સભ્ય સચિવ
શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળા

શાળા વ્યવસ્થાપન સમિતિ
તથા સમસ્ત શાળા પરિવાર

વાસુદેવભાઇ પટેલને રોટરી હોલ પર બોલાવીને અર્પણ કરવામાં આવ્યુ હતુ તથા પ્રિન્સીપાલ જયદેવસિંહ ઝાલા તરફથી લેખિત પ્રમાણપત્રનો મોમેન્ટો રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરને અર્પણ કરવામાં આવ્યો. આ સમગ્ર પ્રોજેક્ટની તૈયારી રો. પિનલ દેકેવાડિયા દ્વારા કરવામાં આવી હતી તથા ટીવીની પસંદગી પણ તેમની તરફથી જ કરવામાં આવી હતી.














## કુપોષણ મુક્ત ભારત

પ્રોજેક્ટ : કુપોષણ મુક્ત ભારત
ડોનર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૨૩-૧-૨૦૨૬
સ્થળ : વસ્તડી-૨, ટુવા-૧, બલદાણા-૧, વડોદ-૧

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વઢવાણ તાલુકા ખાતે આવેલ પાંચ આંગણવાડીમાં ‘‘દેશ રોશન’’ થીમ આધારિત કુપોષણ મુક્ત ભારત પ્રોજેક્ટ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ બાળકોના પોષણ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેમને સ્વસ્થ આહાર અંગે માર્ગદર્શન આપવાનો હતો.

પ્રોજેક્ટ ૧ તથા ૨ વસ્તડી ગામમાં બે આંગણવાડી, પ્રોજેક્ટ ૩ બલદાણા ગામમાં આવેલી આંગણવાડી, પ્રોજેક્ટ ૪ ટુવા ગામમાં આવેલી આંગણવાડી તથા પ્રોજેક્ટ ૫ વડોદ ગામમાં આવેલી આંગણવાડી.

આવી પાંચ આંગણવાડી અંતર્ગત બાળકોને સરગવાની ચોકલેટ સાથે જનરલ નોલેજ અને એજ્યુકેશનલ સામગ્રી આપવામાં આવી. તેમાં ફળ, ફુલ, શાકભાજી તથા ગણિત આકારોના ચાર્ટ તેમજ રમકડાની કીટનો સમાવેશ હતો. આ સામગ્રી દ્વારા બાળકોના જ્ઞાનવિકાસ સાથે પોષણ તથા





રમુજભર્યુ શિક્ષણ પ્રોત્સાહિત કરવામાં આવ્યુ. બાળકોને સરગવો ખાવામાં રસ ન હોવાથી, પોષણ મળી રહે તે હેતુથી તેમને સરગવાની ચોકલેટ આપવામાં આવી. સરગવો પૌષ્ટીક આહાર હોવાથી આ ચોકલેટ દ્વારા બાળકોને સ્વાદિષ્ટ રીતે જરૂરી પોષણ મળી રહે. આ ચોકલેટ સુરેન્દ્રનગરની મેકસન ઈન્ડસ્ટ્રીમાં નેચરલ રીતે તૈયાર કરવામાં આવે છે, જેના કારણે તે આરોગ્ય માટે લાભદાયી અને સુરક્ષિત છે.

આંગણવાડીના સુપરવાઈઝર ક્રિષ્નાબેન વરમોરા, સી.ડી.પી.ઓ. મેડમ પ્રિતીબેન તથા કાર્યકરો, હેલ્પર બહેનો તથા રો. પિનલ દેકેવાડિયાની દેખરેખ હેઠળ આ કિટસ આંગણવાડીમાં અર્પણ કરવામાં આવી હતી.

આ કિટની પસંદગી તથા સિલેકશન તથા પાંચેય આંગણવાડીમાં સંપુર્ણ પ્રોજેક્ટ રો. પિનલ દેકેવાડિયા દ્વારા કરવામાં આવ્યો છે.

‘‘દેશ રોશન’’ થીમ આધારિત આ પ્રોજેક્ટ દ્વારા સ્વસ્થ, સશકત અને કુપોષણ મુક્ત ભારતના નિર્માણ તરફ એક મહત્વપુર્ણ પગલુ ભરવામાં આવ્યું. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરની આ પહેલથી આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યુ તથા સમાજમાં પોષણ અંગે જાગૃતિ ફેલાઇ, પબ્લિક ઈમેજ માટેનો આ પ્રોજેક્ટ ખુબ જ સફળ રહયો છે.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટર

પ્રોજેક્ટ ચેર : રો. ઉદય રાવલ



રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ‘‘હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટર’’ સતત છેલ્લા પાંચ વર્ષથી સફળતાપુર્વક કાર્યરત છે આ ‘‘હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટર’’, જેમકે વિલ ચેર, પલંગ, વોકર, વોકિંગ સ્ટિક કોફન વોકસ, ટોયલેટ ચેર વગેરે ૧૨૦ જેટલા આરોગ્ય સંબંધીત સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે આ તમામ સાધનોના માધ્યમથી દર્દીઓને જરૂર આરોગ્ય સહાય સરળતાથી મળી રહે છે તથા ઓકિસજન મશીન સિવાય તમામ પ્રકારના સાધનોનો નિઃશુલ્ક આપવામાં આવે છે ઓકિસજન મશીન ડિપોઝિટ પર આપવામાં આવે છે. ઓકિસજન મશીન લેતી વખતે લાભાર્થી પાસેથી નિર્ધારિત ડિપોઝિટ લેવામાં આવે છે. જયારે ઓકિસજન મશીન ઉપયોગ બાદ સલામત રીતે પરત કરવામાં આવે છે ત્યારે લેવામાં આવેલી સંપૂર્ણ ડિપોઝિટ રકમ લાભાર્થીને પરત આપવામાં આવે છે આ વ્યવસ્થા દ્વારા સાધનોની સુરક્ષા જળવાઇ રહે છે તેમજ વધુ જરૂરીયાત મંદ દર્દીઓની સમયસર ઓકિસજન મશીન ઉલબ્ધ કરાવવામાં સહાય મળે છે સતત પાંચ વર્ષથી તમામ પ્રકારના સાધનો સેવા ભાવથી આશરે ૩૫૦ થી ૪૦૦ વ્યકિત સતત લાભ લઇ રહયા છે. આ વર્ષે જાન્યુઆરી મહિના સુધીમાં ૨૭૫ થી વધારે વ્યકિતઓને સાધનો આપવામાં આવ્યા છે. સતત છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રોટેરીયન રો. ઉદય રાવલ દ્વારા આ ‘‘હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટર’’ સુવ્યવસ્થિત અને સફળ રીતે ચલાવવામાં આવી રહયા છે.

## સુવિચાર

આપણે હંમેશા અંત ને પરફેકટ, આનંદદાયક કે સુખી બનાવવા મથતા હોઇએ છીએ, વ્યકિત કે પ્રવૃતિ સાથે અચાનક તૂટી ગયેલા સંબંધનું કલોઝર શોધીએ છીએ. હકીકત એ છે કે અંતનું હેપ્પી હોવું એ કયારેય આપણા હાથમાં નથી હોતું, આપણા હાથમાં તો બસ એક નવી શરૂઆત જ હોય છે.

Spo. રિદ્ધિ પાટડીયા

એક ગમતી વાત ગમતા લોકો સાથે શેર કરવાની ઇચ્છા અને મજા જ આપણને જોડી રાખે છે.

Spo. રિદ્ધિ પાટડીયા

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



REWARDS & RECOGNITION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

### TOP 5 CLUBS IN MEMBERSHIP GROWTH AS PER ROTARY.ORG - DEC 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | JUNAGADH | Hemang Shah | Deepak Mulchandani | Girish Thakkar |
| 2 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 3 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 4 | BHARUCH NARMADA NAGRI | Ramakant Bahurupi | Bhavik Ganatra | Brijesh Parikh |
| 4 | DHULE CROSSROAD | Dinesh Kuwar | Heramb Date | Rohit Agarwal |
| 4 | RAJKOT MIDTOWN | Jignesh Kamdar | Akash Parekh | Lalit Joshi |
| 5 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Shah | Himanshu Jagani |
| 5 | MEHMEDABAD | Pareshkumar Sheth | Manoj Gohel | Ravinder Singh Sarna |

### TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - DEC 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 2 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 3 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 4 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 4 | TAPI SURAT | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 5 | CHIKHLI RIVERFRONT | Sanjay Patel | Dr.Chirag Desai | Gautam Bhavsar |
| 6 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 7 | BARODA SAYAJINAGARI | Kashyap Shah | Sanyogita Pradhan | Dr. Maulesh Dholakia |
| 8 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 9 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |
| 10 | BARODA JAWAHARNAGAR | Mitesh Vadhia | Manish Shah | Dr. Yuvraj Priyadarshi |

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ડિસેમ્બર મહિનામાં **GML** માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર કોમ્યુનિટી સર્વિસ પ્રોજેકટ કેટેગરીમાં ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧ થી ૧૦ કલબમાં પ્રથમ ક્રમાંક ઉપર છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## CLUBS IN ACTION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

### ROTARY CLUB OF SURENDRANAGAR





Rotary Club of Surendranagar organized an "Everyday Science Day" Science Training Program in September 2025 as part of its ongoing efforts to strengthen science education through practical and innovative teaching methods. The training was conducted by Mr. Vishal Bhatt, who demonstrated curriculum-based science experiments connected to daily life, with special focus on clarifying important concepts and subtle scientific principles often overlooked in classroom teaching. Following the training, participating teachers submitted videos of their experiments up to 1 December 2025. Entries were received from eight Rotary Clubs, out of which selected teachers were shortlisted for the next round. From Surendranagar District, Ms. Monikaben Verma and Ms. Jyotiben Gothi (along with Ms. Hiralben) were selected for the state-level presentation. The final presentation was held on 26 December 2025 at the Surat Science Centre, with participation from 165 teachers. A panel of three expert judges carefully evaluated the experiment videos and live presentations, followed by interactive question-and-answer sessions. Participants were also given an opportunity to visit the Science City during the scheduled break.

Results were announced in the evening, with certificates awarded to shortlisted participants and cash prizes presented to the top performers. The program concluded with an address by Mr. Pragneshbhai, who highlighted Rotary's science-focused teacher training initiatives conducted since 2016. The initiative once again reflected Rotary Club of Surendranagar's commitment to empowering teachers and promoting hands-on science learning.

### ROTARY CLUB OF TAPI SURAT






Rotary Club of Tapi Surat successfully conducted a RYLA – Leadership & Life Skills Development Program at Khoba, benefitting over 230 underprivileged students and creating a meaningful platform for learning, growth, and empowerment. The program focused on nurturing leadership qualities, teamwork, confidence building, hygiene awareness, and essential life skills through engaging and interactive sessions. Carefully designed activities encouraged students to express themselves, work collaboratively, and develop a positive mindset, helping them gain skills that will support both their personal development and academic journey. To further support education, stationery kits were distributed to the students, reinforcing Rotary's commitment to nurturing young minds and encouraging continued learning. The enthusiastic involvement and active participation of club members played a vital role in making the programme lively, impactful, and well-received.

This RYLA initiative stood as a strong reflection of Rotary's mission to empower youth, build future leaders, and serve the community with purpose and compassion, leaving a lasting impression on the lives of the students.

"EVERYDAY SCIENCE DAY" ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત ફર્સ્ટ તથા સેકન્ડ નંબર પ્રાપ્ત કર્યાબાદ GML ડિસ્ટ્રીક (૩૦૬૦) માં પણ સ્થાન મેળવવામાં આવ્યુ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## ANN'S CORNER

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

જયારે મનસૂબા નવા મનજી ઘડે એકાદ બે.
આપદા આવી ચડે ત્યાં તાકડે એકાદ બે..

આમ તો ફરિયાદ કોઈ જિંદગીથી છે નહીં..
વાર તહેવારે નઠારા ગ્રહ નડે એકાદ બે..

હું 'મળેલાં જીવ' પુસ્તક માળિયે રાખી મૂકું,
હાથ જો આવે તો શમણાં તરફડે એકાદ બે..

નૃત્ય, ગાયન, પેન, પીંછી, છે વિકલ્પો થોકબંધ,
જિંદગી જીવવાના હુન્નર આવડે એકાદ બે..

ઓરડાની સ્તબ્ધતાને ભાંગવાની લ્હાયમાં..
ગીત ગાઈ લઉં છું લાંબા રાગડે એકાદ બે..

ખેલમાં અંતે થશે ચર્ચા ઘણી મારા વિશે..
એકતરફ રાખ્યાં છે એક્કા આપડે એકાદ બે..

હાજરી અનિવાર્ય છે હેલીની, સ્વીકારી જ લો
માવઠા બહુ બહુ તો જગને પરવડે એકાદ બે..

મેધાવિની ચિંતન રાવલ 'હેલી'

Ann. Madhavini Rawal
RC Surendranagar

નીે માં મેઘાવિની રાવલ દ્વારા કાવ્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યુ છે, તેમણે પોતાની પ્રતિભા અને સર્જનાત્મકતા દ્વારા લખેલી કવિતાને નીે માધ્યમથી પ્રસિદ્ધ કરી છે, આ કવિતામાં વિચારશીલતા, ભાવનાત્મક ઉંડાણ અને ભાષાની સુંદર અભિવ્યકિત સ્પષ્ટપણે દેખાય છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




## CAKES AND CANDLES




| | | | |
|---|---|---|---|
| 1 Jan. | Ann. | Nikin Nitin Shah | B. D. |
| 6 Jan. | Rtn. | Dhwanij Patadiya | B. D. |
| 7 Jan. | Rtn. | Dipak Sejpal | B. D. |
| 10 Jan. | Spo. | Riddhi Patadiya | B. D. |
| 10 Jan. | Ann. | Kavina Jatin Maheta | B. D. |
| 11 Jan. | Rtn. | Naresh Kaila | B. D. |
| 14 Jan. | Spo. | Keshav Naresh Kaila | B. D. |
| 15 Jan. | Ann. | Dhyani Hiren Nagar | B. D. |
| 17 Jan. | Rtn. | Amin Bhurani | B. D. |
| 18 Jan. | Ann. | Jigna Jatin Maheta | B. D. |
| 19 Jan. | Ann. | Mayuri Dipak Gajjar | B. D. |
| 19 Jan. | Rtn. | Paras Solanki & Krishna Solanki | W. D. |
| 21 Jan. | Rtn. | Vrushabh Shah & Vandana Shah | W. D. |
| 23 Jan. | Rtn. | Harpalsinh Vaghela & Archnaba Vaghela | W. D. |
| 25 Jan. | Rtn. | Vrushabh Shah | B. D. |
| 26 Jan. | Ann. | Khushi Naresh Kaila | B. D. |
| 27 Jan. | Rtn. | Ullash Maratha Saheb | B. D. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



| | | | |
|---|---|---|---|
| 29 Jan. | Rtn. | Mamta Parimal Doshi | B. D. |
| 29 Jan. | Rtn. | Harsh Maheta & Kajal Maheta | W. D. |
| 29 Jan. | Rtn. | Kalpna Maheta & Jatin Maheta | W. D. |
| 31 Jan. | Rtn. | Mukesh Chaudhri & Bina Chaudhri | W. D. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL




## CLUB CONTACTS

PRESIDENT
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

SECRETARY
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

BULLETIN EDITOR
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar
MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001